# શાળામાં જાતીય શિક્ષણ આપવા અંગે શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ

ડૉ.અનીતા કે.પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર
નારણ લાલા બી.એડ્. કોલેજ,નવસારી

## ૧. પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં શાળા કક્ષાના વિદ્યાર્થીઓમાં જાતીય સમસ્યાઓ વધુ પ્રમાણમાં વ્યાપી રહી છે.અવાર નવાર વર્તમાનપત્રોમાં શાળાના શિક્ષકો –વિદ્યાર્થીઓ ટ્યુશન કરાવતા વ્યક્તિઓના વિદ્યાર્થીઓ પર જાતીય સતામણી કરતાં બનાવો વધુ સમાજમાં બની રહ્યા છે તેવા સમયે શાળાના વિદ્યાર્થીઓમાં જાતીય શિક્ષણ આપવાની તાતી જરૂરિયાત વર્તાય છે.આ માટે જાતીય શિક્ષણ કોના દ્વારા આપવું જોઈએ તથા કઈ રીતે આપી શકાય તે સંદર્ભે ઘણા મત ભેદો પ્રવર્તી રહ્યા છે.જાતીય શિક્ષણ આપવા અંગે રૂઢીવાદી વલણ ધરાવનારાઓ આ બાબતે નિષેધક વલણ ધરાવે છે.એમના માટે જાતીયતા અંગેનું શિક્ષણ હોઈ જ ના શકે.જાતીયતા એ પ્રાકૃતિક વિકાસ છે અને તેને અનુરૂપ વર્તન અને વલણ પણ યથા સમયે કુદરત કેળવી જ રાખે છે.જાતીય શિક્ષણ આપવા અંગે વિધાયક વલણ ધરાવનારાઓના આ પ્રકારનું શિક્ષણ અવશ્ય આપવું જ જોઈએ એમ મને છે.આ બાબતોને કેન્દ્ર રાખીને જેઓ બાળકના કારકિર્દીનું ઘડતર કરનારા એવા શિક્ષકો એ અંગે કેવા અભિપ્રાયો ધરાવે છે તથા આ પ્રકારનું શિક્ષણ કોના દ્વારા અપાવવું જોઈએ એ બાબતને કેન્દ્રમાં રાખીને પ્રસ્તુત સંશોધનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૨. સંશોધના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા હતાં.

1. શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો જાણવા.
2. ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
3. વિજ્ઞાન,વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખામાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.

## ૩. સંશોધનની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનની શૂન્ય ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

$Ho_1$: શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષક ભાઈઓ બહેનો જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

$Ho_2$: ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષક ભાઈઓ બહેનો જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

$Ho_3$: વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

$Ho_4$: વિજ્ઞાન અને વિનયન વિદ્યાશાખાનાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

$Ho_5$: વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાનાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ અર્થસૂચક તફાવત જોવા મળશે નહિ.

## ૪. સંશોધનનું મહત્વ

સમાજ પરિવર્તનશીલ છે.આધુનિકતા સાથે તેમાં પણ પરિવર્તન આવે છે.પરંતુ સંસ્કારો એ વારસાગત તથા અન્યને આપી શકાય તેવી બાબતો છે.ભારતીય સંસ્કૃતિ બધી સંસ્કૃતિ કરતાં ઉચ્ચકક્ષાની માનવામાં આવે છે.પ્રચારક માધ્યમોને કારણે તારુણ્ય વયના બાળકો જાતીય અંગેના યોગ્ય માર્ગ દર્શન તથા શિક્ષણના અભાવે ગેરમાર્ગે દોરાય છે જેના પરિણામે કેટલીકવાર નાની વયનાં બાળકો મોટી જાતીય બીમારીઓના ભોગ બને છે.તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણનું યોગ્ય જ્ઞાન કે માહિતી શિક્ષકો દ્વારા આપવામાં આવે તો નવયુવાનોને યોગ્ય માર્ગે વાળી શકાય. સાથેજ શિક્ષકોના અભિપ્રાયોને આધારે શાળાકક્ષાએ કેવા પ્રકારનું જાતીય શિક્ષણ આપવું જોઈએ,ક્યારે આપવું જોઈએ તથા કઈ રીતે તેની માહિતી સરળતાથી મેળવી શકાશે ઉપરાંત અભ્યાસક્રમોમાં ક્યાં પ્રકારના પરિવર્તનો લાવી શકાય અથવા નવા વિષય તરીકે અભ્યાસમાં મૂકવો કે કેમ તેનો માર્ગ મળી શકશે એવું અધ્યેતા માને છે.

## ૫. સંશોધનનું સીમાંકન

1. પ્રસ્તુત સંશોધનમાં નમુના પસંદગી માટે ફક્ત ગુજરાતી માધ્યમની શાળાઓ પસંદ કરવામાં આવી હતી.
2. ઉપકરણ તરીકે સ્વ રચિત અભિપ્રયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
3. સંશોધન માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષકો પૂરતું માર્યાદિત હતું.

## ૬. નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધન માટે સંશોધક દ્વારા સહેતુક નમૂનાની રીતે નવસારી તથા જલાલપોર તાલુકામાં આવેલ કુલ 38 શાળાઓ પૈકી 25 શાળાઓ જેમાંથી 15 શહેરી વિસ્તારની તથા 10 ગ્રામ્ય વિસ્તારની શાળાની પસંદગી કરવામાં આવી હતી.જેમાંથી દરેક શાળાના તમામ શિક્ષકોમાંથી યાદ્રિચ્છક રીતે પ્રવાહ મુજબ 4 -4 શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.અંતિમ નમૂનામાં 180 શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.પ્રવાહ મુજબ વિનિયન -60 ,વાણિજ્ય-60,વિજ્ઞાન-60 શિક્ષકો પસંદ પામ્યા હતા. જાતીયતા મુજબ 100 શિક્ષિકાઓ અને 80 શિક્ષકભાઈઓનો નમૂનામાં સમાવેશ થયો હતો.

## ૭. માહિતી એકત્રીકરણ માટેનાં ઉપકરણો

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પ્રકારનું હતું વ્યાપક ક્ષેત્રમાંથી વધુ માહિતી પ્રાપ્ત કરવા માટે અભિપ્રાયાવલિ એક સારામાં સારો ઉપકરણ છે.પ્રસ્તુત સંશોધન કરવા માટે સંશોધનકાર દ્વારા સ્વરચિત વ્યક્તિગત માહિતીપત્રક તથા શિક્ષકો પાસે જાતીય શિક્ષણ માટે અભિપ્રાયો મેળવવા માટે ત્રિબિંદુ સ્કેલવાળી વિધાનોવાળી

અભિપ્રાયાવલિ તૈયાર કરવામાં આવી હતી.જેમાં શિક્ષકોએ વિધાનો સામે આપેલ સંમત,તટસ્થ અને અસમંત વિકલ્પમાંથી કોઈ પણ એક વિકલ્પ માટે ખરાની નિશાની કરી પોતાનો અભિપ્રાય આપવાનો હતો.

## ૮. માહિતી એકત્રીકરણની પ્રવિધિ

સંશોધકે સૌપ્રથમ નવસારી તથા જલાલપોર તાલુકામાં આવેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાની યાદી તૈયાર કરવામાં આવી જેમાંથી જે શાળાઓમાં માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ હતી તેવી સહેતુક રીતે 25 શાળાઓ પસંદ કરવામાં આવી હતી.જેમાંથી 10 શાળા ગ્રામ્ય વિસ્તાર તથા 15 શાળા શહેરી વિસ્તારની પસંદ કરવામાં આવી હતી.ત્યારબાદ સંશોધક દ્વારા સંમતીપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. જે લઈને સૌ પ્રથમ શાળાના આચાર્યને મળી સંશોધન વિશે જણાવી પૂર્વમંજુરી લીધા બાદ પસંદ કરેલ શિક્ષકોને ભેગાં કરી સામાન્ય સૂચનાઓ આપ્યા બાદ અભિપ્રાયાવલિમાં પોતાનાં અભિપ્રાયો તટસ્થપણે આપવા માટે કહેવામાં આવ્યું હતું.જે માટે તેમને 20 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. શિક્ષકોની પસંદગીમાં આર્ટસ, કોમર્સ તથા સાયન્સનાં શિક્ષકો પસંદ થાય તે માટે કાળજી રાખવામાં આવી હતી.

## ૯. અંક શાસ્ત્રીય પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનના હેતુઓ અને ઉત્કલ્પનાને ધ્યાનમાં રાખીને શિક્ષકો પાસેથી મળેલ જાતીય શિક્ષણ અંગેના અભિપ્રાયોની ઝીણવટભરી રીતે છણાવટ કર્યા બાદ તેને જે તે જૂથમાં વિભાજિત કર્યા બાદ કસોટીનું મૂલ્યાંકન કરી પ્રપ્તાંકો મેળવવામાં આવ્યા હતાં આંકડાશાસ્ત્રીય ટી-કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ૧૦. શૈક્ષણિક તારણો

1. શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષક ભાઈઓ બહેનો જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ તફાવત જોવા મળ્યો ન હતો .
2. ગ્રામ્ય વિસ્તાર તથા શહેરી વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરાવતા શિક્ષક ભાઈઓ બહેનો જાતીય શિક્ષણ આપવા અંગે હકારાત્મક અભિપ્રાયો ધરાવતા હતાં.
3. વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાનાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ અર્થ સૂચક તફાવત જોવા મળ્યો ન હતો વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાનાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગે હકારાત્મક અભિપ્રાયો ધરાવતા હતાં.
4. વિજ્ઞાન અને વિનયન વિદ્યાશાખાનાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ તફાવત જોવા મળ્યો ન હતો
5. વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાનાં શિક્ષક ભાઈઓ બહેનોના જાતીય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો વચ્ચે કોઈ તફાવત જોવા મળ્યો ન હતો.

## ૧૧. શૈક્ષણિક સૂચિતાર્થો

1. શિક્ષકો,વાલીઓ અને વિદ્યાર્થીઓ આ પ્રકારના શિક્ષણથી વધુ જાગ્રત થાય તે માટે પ્રચાર કરવો જોઈએ.
2. સરકાર દ્વારા જાતીય શિક્ષણ અંગેના અભ્યાસક્રમમાં અગ્રીમતા આપી સમાવેશ કરવો જોઈએ.
3. નિષ્ણાત વ્યક્તિઓ તથા ડોક્ટરોએ આ અંગે જાગૃતિ લાવવા માટે પ્રયાસ હાથ ધરવા જોઈએ.

4. મીડિયા પર કેટલાક અંશે પ્રતિબંધિત કાયદાઓ ઘડવા જોઈએ અને કડક અમલ કરાવવા જોઈએ.
5. દરેક શાળા કે કોલેજમાં જાતીય શિક્ષણ આપવા માટે તથા યોગ્ય સમયે માર્ગદર્શન મળી રહે તે માટે કાઉન્સેલરની નિમણુંક કરવી જોઈએ.

**સંદર્ભસૂચિ**


1. દેસાઈ,કે.જી.(૨૦૦૧). મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ:યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
2. પારેખ,બી.યુ. અને ત્રિવેદી,એમ.ડી.(૧૯૮૧). મનોવૈજ્ઞાનિક સંશોધનમાં આંકડાશાસ્ત્રીય પરીક્ષણ. જૂનાગઢ:ચંપા પ્રકાશન.
3. શાહ,ડી.બી..(૨૦૦૯). શૈક્ષણિક સંશોધન.અમદાવાદ:પ્રમુખ પ્રકાશન.